(ફકત કચેરીના ઉપયોગ સારૂ)

# સાબરકાંઠા જિલ્લાની સામાજિક આર્થિક સમીક્ષા

## સને ૨૦૧૬ – ૨૦૧૭

## સાબરકાંઠા જિલ્લા પંચાયત

## (આંકડાશાખા )હિમતનગર

# જિલ્લાની સામાન્ય માહિતી

## (૧) વહીવટી માળખુ

૧.૧ જિલ્લાનુ મુખ્ય મથક હિંમતનગર છે. જે ગાંધીનગરથી ૬૦ કિ.મી. ઉત્તરમાં છે. સામાન્ય રીતે રોડ તથા રેલ વ્યવહારથી જોડાયેલ છે.

૧.૨ સાબરકાંઠા જિલ્લામાં નીચે મુજબ ૮ તાલુકાઓ આવેલા છે. જેમાં (૧) હિંમતનગર(૨)પ્રાંતિજ (૩) ઈડર(૪) ખેડબ્રહમા (૫) વિજયનગર (૬) વડાલી (૭) તલોદ (૮)પોશીના નો સમાવેશ થાય છે.

૧.૩ જિલ્લાના ત્રણ તાલુકાઓ અનુક્રમે ખેડબ્રહમા, વિજયનગર અને પોશીના સંકલિત આદીજાતી વિકાસ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવેલ છે.

૧.૪ આ જિલ્લામાં ૮ તાલુકા પંચાયતો અને ૪૫૬ ગ્રામ પંચાયતો આવેલી છે. જેમાં ૩૧૪ સ્વતંત્ર ગ્રામ પંચાયતો તથા ૧૪૨ જુથ ગ્રામ પંચાયતો આવેલી છે.

૧.૪ જિલ્લામાં કુલ ૭૧૨ ગામો આવેલ છે. જેમાં વસવાટ વાળા ગામો ૭૦૫ અને ઉજજડ ગામો ૭ છે. જિલ્લામાં ૬ શહેરો આવેલા છે.

૧.૫ સને.૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ જિલ્લાની કુલ વસ્તી ૧૪,૦૪,૮૬૫ છે. જે પૈકી પુરષ ૭,૨૦,૧૨૮ સ્ત્રી ૬,૮૪,૭૩૭ છે. જિલ્લામાં ૫૦,૦૦૦ વધુ વસ્તી ધરાવતુ એક શહેર હિંમતનગર છે, જેની કુલ વસતી ૧,૦૧,૨૩૩ છે.

૧.૬ આ જિલ્લામાં કુલ ૬ નગર પાલિકાઓ અનુક્રમે હિંમતનગર, પ્રાતિજ, તલોદ, ઈડર, ખેડબ્રહમા અને વડાલી માં આવેલી છે.

## (૨) વસ્તી તથા ભૌગોલિક વિસ્તાર

| અનુ. | તાલુકાનું નામ | વસ્તી | | | વિસ્તાર ચો.કિ.મી.માં | વસ્તીની ઘનતા ચો.કી.માં | ગામડાની સંખ્યા | સાક્ષરતાનો દર ટકાવારીમાં |
|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | | | | |
| ૧ | **હિમતનગર** | ૧૭૬૪૧૫ | ૧૬૩૮૭૪ | ૩૪૦૨૮૯ | ૯૪૧.૯૨ | ૩૬૧ | ૧૪૫ | ૮૪.૦૩ |
| ૨ | **ઈડર** | ૧૩૩૨૮૦ | ૧૨૬૧૯૮ | ૨૫૯૪૭૮ | ૬૦૯.૭૩ | ૪૩૩ | ૧૪૫ | ૮૦.૨૫ |
| ૩ | **ખેડબ્રહમા** | ૮૨૯૮૮ | ૮૦૯૭૮ | ૧૬૩૯૬૬ | ૪૮૪.૪૮ | ૩૩૭ | ૭૫ | ૬૬.૮૭ |
| ૪ | **પોશીના** | ૬૫૯૧૧ | ૬૫૦૦૨૬ | ૧૩૦૯૩૭ | ૫૬૦.૪૧ | ૨૩૫ | ૫૯ | ૪૪.૨૯ |
| ૫ | **પ્રાંતિજ** | ૮૩૫૬૬ | ૭૭૭૧૩ | ૧૬૧૨૭૯ | ૪૪૨.૮૮ | ૩૬૪ | ૬૯ | ૮૮.૩૬ |
| ૬ | **તલોદ** | ૭૯૭૩૯ | ૭૪૬૮૫ | ૧૫૪૪૨૪ | ૫૫૦.૧૯ | ૨૮૧ | ૭૭ | ૭૮.૧૧ |
| ૭ | **વડાલી** | ૪૬૨૬૭ | ૪૪૩૩૦ | ૯૦૫૯૭ | ૫૮૨.૦૬ | ૧૪૮ | ૫૬ | ૭૪.૭૭ |
| ૮ | **વિજયનગર** | ૫૧૯૬૨ | ૫૧૯૩૩ | ૧૦૩૮૯૫ | ૩૨૬.૯ | ૩૧૮ | ૮૬ | ૭૬.૩૨ |
| | **કુલ** | **૭૨૦૧૨૮** | **૬૮૪૭૩૭** | **૧૪૦૪૮૬૫** | **૪૪૯૮.૫૭** | **૩૦૯** | **૭૧૨** | **૭૪.૧૩** |

## (૩) નદીઓ અને પર્વતો

જિલ્લાની મુખ્ય નદીઓ સાબરમતી,હાથમતી,ખારી,વણજ,ગુહાઈ તથા હરણાવ છે. જેમાં સાબરમતી નદી પર ધરોઈડેમ, હાથમતી નદી પર હાથમતી ડેમ, હરણાવ નદી પર વણંઝ ડેમ, ગુહાઈ નદી પર ગુહાઈડેમ, કોસંબી નદી પર ખેડવા ડેમ, પનારી નદી પર ચંદ્રાણા ડેમ બાંધીને નહેરથી સિંચાઈ હાથ ધરવામાં આવે છે. જીલ્લાના ઈડર–વડાલી તાલુકામાં ઉદવહન સિંચાઈ પધ્ધતિથી આશરે ૧૨૧ ગામોને સિંચાઈ તેમજ પીવાનાં પાણીનો લાભ મળેલ છે.

જિલ્લામાં અરવલ્લીની ગિરીમાળા વ્યાપક રૂપે હારમાળાની જેમ પથરાયેલી છે. તેમજ જિલ્લામાં વિવિધ ક્ષેત્રે ગ્રામ કક્ષાએ સર્વાગી વિકાસ સાધીને આદર્શ ગામ પુંસરી તા. તલોદ, ભારતનુ સર્વ પ્રથમ ડીઝીટલ ગામ આકોદરા તા. હિંમતનગર, વીરપુર તા. હિંમતનગર જેવા ગામોએ વિકાસમાં હરણફાળ ભરીને રાષ્ટ્રીયકક્ષાએ નામ રોશન કરેલ છે. સમગ્ર રાષ્ટ્ર તથા રાજયભરમાંથી મુલાકાતીઓ આ ગામોમાં મુલાકાત અર્થે આવે છે.

સાબરકાંઠા જિલ્લાનાં આકોદરા ગામે એનીમલ હોસ્ટેલ બનેલ છે. ડેરી ઉધોગમાં ગામડાઓમાંથી દૂધ એકત્ર કરી સાબરડેરી ખાતે લાવવામાં આવે છે. સાબરકાંઠા જિલ્લામાં સંત નગરી તરીકે ગાંઠીયોલ ગામ પ્રસિઘ્ઘ છે.

## (૪) જમીન :–

જિલ્લાનો કુલ વિસ્તાર ૪૪૯૮.૫૭ ચો. કી.મી. છે. જિલ્લામા મુખ્યત્વે કાળી, ગોરાડુ, ખડકાળ, પથ્થરવાળી રેતાળ તેમજ ડુંગરાળ અને ખડકોવાળી જમીન આવેલી છે. જિલ્લાના ઉતર ભાગમાં રાજસ્થાન સરહદને અડીને આવેલ આદીવાસી તાલુકાઓમાં ડુંગરાળ અને ખડકોવાળી જમીન છે.

## (૫) આબોહવા :–

જિલ્લામાં સામાન્ય રીતે આબોહવા વિષમ રહે છે. ઉનાળો ગરમ અને શિયાળામાં બે થી ત્રણ માસનો સમયગાળામાં ઠંડુ વાતાવરણ રહે છે. જિલ્લામાં શિયાળામાં ઓછામાં ઓછું સરેરાશ ૬.૯ સેન્ટીગ્રેડ ઉષ્ણતામાન અને ઉનાળામાં વધુમાં વધુ ૪૩.૫ સેન્ટીગ્રેડ ઉષ્ણતામાન રહે છે. જિલ્લામાં સને ૨૦૧૬ ના વર્ષમાં સરેરાશ વરસાદ ૩૨૭ મી.મી. વરસાદ નોધાયેલ છે.

## (૬) જિલ્લા નાં મુખ્ય પાક :–

જિલ્લાનાં મુખ્ય પાકો કપાસ, બાજરી, ડાંગર, ઘઉં, કઠોળ ,મગફળી, એરંડા, અને રાયડો છે. સામાન્ય રીતે ખરીફ મોસમમાં કપાસ, મકાઈ, તુવેર, અડદ, મગફળી તથા દીવેલા જેવા પાક લેવાય છે. જયારે રવિ મોસમમાં ઘઉ, રાયડો, બટાટા, મકાઈ, વરીયાળી વગેરે પાકો લેવાય છે . તદઉપરાંત જિલ્લાનાં પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી તાલુકામાં શાકભાજીની વિવિધ જાતોનું ઉત્પાદન થાય છે. જેમાં પ્રાંતિજ–તલોદ માં કોબીજ– ફુલાવર અને ઈડર વડાલી તાલુકામાં ટમેટાનું વિશેષ ઉત્પાદન થાય છે. જિલ્લામાં છેલ્લા ઘણા વર્ષોથી બટાટાની ખેતી પણ વ્યાપક પ્રમાણમાં થાય છે.

જયારે ઉત્તરમાં વડાલી, વિજયનગર, પોશીના, ખેડબ્રહમા તાલુકામાં પરંપરાગત રીતે કઠોળનું ઉત્પાદન પણ થાય છે.

## (૭) રસ્તા અને રેલ્વેથી જોડાણ (વાહનવ્યવહાર):–

સાબરકાંઠા જિલ્લો અમદાવાદ સાથે રેલ તથા સડક માર્ગે જોડાયેલ છે. રેલ્વે માર્ગે મુખ્ય સ્ટેશનો તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, વડાલી , ખેડબ્રહમા આવેલા છે. જિલ્લામાં કુલ ૪૩૯૮ કિ.મી પાકા રસ્તાઓની સુવિધા ઉપલબ્ધ છે.

## (૮) પીવાનું પાણી:–

જિલ્લાના તમામ ગામોમાં પીવાના પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ છે. મોટા ભાગના ગામોમાં ડોર ટુ ડોર પાણી પહોચાડવામાં આવે છે. પાણી પુરવઠા બોર્ડ મારફતે ૪૭૦ ગામોને જુથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવામાં આવેલા છે. ગામના ટ્યુબવેલ મારફતે તેમજ હેડપંપ ધ્વારા પાણીની વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે. તમામ

ગામોમાં ગામપાણીની સમિતિઓ ધ્વારા પાણી પહોચાડવાનુ અમીલકરણ કરવામાં આવે છે.જીલ્લાના આદિવાસી વિસ્તારના ત્રણેય તાલુકામાં હેન્ડપંપથી પાણી પુરૂ પાડવાની વ્યવસ્થા વિશેષ રૂપે જવા મળે છે.

## (૯) જિલ્લાના પ્રવાસન સ્થળોઃ–

પ્રવાસન ક્ષેત્રે સાબરકાંઠા જીલ્લામાં ઘણા પ્રવાસનના સ્થળો આવેલા છે. જેમાં વિજયનગર ખાતે પોળો માં શારણેશ્વર મહાદેવ , વિરેશ્વર મહાદેવ તેમજ ખેડબ્રહમા ખાતે અંબાજી માતાનું મંદિર તેમજ બ્રહમાજીનું પ્રાચીન મંદિર આવેલ છે. ઈડરમાં પ્રખ્યાત ઈડરીયો ગઢ તથા જૈન તીર્થ આવેલા છે. ઈડર ખાતે રાણી તળાવ આવેલું છે, જે પાવાપુરી તરીકે પ્રખ્યાત છે. અહી મોટી ગૌ શાળા પણ આવેલી છે.

## (૧૦) ઔધોગિક વિકાસઃ–

સાબરકાંઠા જિલ્લામાં દલપુર તા.પ્રાંતિજ, કાટવાડ તેમજ ઇડર ખાતે સીરામીક ટાઈલ્સ , હિંમતનગર ખાતે પશુઓના આહાર(સાબરદાણ), તલોદ ખાતે લેમીનેટેડ શીટના ઔધાગીક એકમો આવેલા છે. હિંમતનગર તથા તલોદ ખાતે જી.આઈ.ડી.સી ઔધાગીક ક્ષેત્ર આવેલા છે.

ઉપર મુજબની સામાન્ય માહિતી ઉપરાંત શાખાવાર વિગતો આ પછીનાં પ્રકરણમાં વિગતવાર સમાવિષ્ટ છે.

# (૨) જિલ્લાના વિશિષ્ટ ગામઃ–

## ૧.આદર્શ ગામ પુંસરી :–

- ❖ વાઈફાઈ સુવિધા.
- ❖ ૧૦૦ ટકા એલ.ઈ.ડી સુવિધા.
- ❖ ગ્રામજનો માટે મીનીબસની સુવિધા
- ❖ ૧૨૦ વોટર પ્રુફ સ્પીકર ઘ્વારા પબ્લીક એડ્રેસ સીસ્ટમનું સંચાલન.
- ❖ સમગ્ર ગામમાં સી.સી.ટીવી કેમેરાની સુવિધા.
- ❖ પાંચ પ્રાથમિક શાળામાં સી.સી.ટીવી કેમેરાની સુવિધા.
- ❖ ડોર ટુ ડોર ઘન કચરાના વ્યવસ્થાપન.
- ❖ ગ્રામ પંચાયત સંચાલીત આર.ઓ પ્લાન્ટ.

## ૨. ડિઝિટલ વિલેજ આકોદરાઃ–

જિલ્લા પંચાયત તથા આઈ.સી.આઈ.સી.આઈ. બેંકના સહયોગથી હિંમતનગર તાલુકાના આકોદરા ગામને ભારતના સર્વ પ્રથમ ડિઝીટલ વિલેજ તરીકે વિકસાવવામાં આવેલુ છે. તા. ૨–૧–૨૦૧૫ ના રોજ ભારતના માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રમોદીના વરદ હસ્તે તેનું લોકાર્પણ મુંબઈ ડી.કે.સી ખાતેથી કરવામાં આવ્યું હતું. ભારતના આ સર્વ પ્રથમ ડિઝીટલ વિલેજમાં નીચેની સુવિધાઓ ઉપલબ્ધ છે.

- ❖ **બેન્કીગ સુવિધાઓઃ–**
  - કસ્ટમાઈઝ એસ.એમ.એસ બેન્કીગ.
  - ડેબીટ કાર્ડ ટ્રાન્ઝેકશન.
  - સર્વત્ર મશીન ઘ્વારા પેમેન્ટ ઓટોમેશનની સુવિધા.
- ❖ વાઈ ફાઈ સુવિધા
- ❖ આંગણવાડીમાં એલ.ઈ.ડી. ઘ્વારા શિક્ષણ.
- ❖ પ્રાથમિક શાળા અને હાઈસ્કુલમાં સ્માર્ટ એજયુકેશન.
- ❖ ધોરણ ૧ અને ૨ ના બાળકોને ટેબલેટ ઘ્વારા શિક્ષણ.
- ❖ ઈલેકટ્રોનિક ડિસ્પ્લે ઉપર રોજે રોજ ખેત પેદાશોના ભાવોની જાણકારી.
- ❖ આર.ઓ પ્લાન્ટ ની સુવિધા.
- ❖ એનિમલ હોસ્ટેલ
  - એનિમલ હોસ્ટેલમાં ૩૪ શેડ આવેલા છે. દરેક શેડમાં ૨૪ પશુઓ રહી શકે છે.
  - પશુપાલકોને એક જ સ્થળે કૃત્રિમ બીજદાન, રસીકરણ અને પશુ સારવારનો લાભ આપવાના વિશિષ્ટ આ આયોજનથી દુધ ઉત્પાદનમાં ૧૫ % જેટલો વધારો જોવા મળેલ છે.
  - એનીમલ હોસ્ટેલમાં પશુઓને રાખવાના વાર્ષિક ખર્ચ પેટે રૂા. ૫૩૦ /– લેવામાં આવે છે.

## ૩. આદર્શ ગામ દરામલી :–

- ❖ ભારતની સર્વ પ્રથમ આઈ.એસ.ઓ ૯૦૦૧:૨૦૦૮ સર્ટીફાઈડ ગ્રામ પંચાયત.
- ❖ ગુજરાતનુ સર્વ પ્રથમ કૌશલ્ય ગ્રામ.
- ❖ આઈ.એસ.ઓ ૯૦૦૧:૨૦૦૮ સર્ટીફાઈડ પ્રાથમિક શાળા.
- ❖ વાઈ ફાઈ સુવિધા.
- ❖ ૮૦ વોટર પ્રુફ સ્પીકર ધ્વારા પબ્લીક એડ્રેસ સિસ્ટમ.
- ❖ સી.સી.ટી.વી. સર્વેલન્સ.
- ❖ ગ્રામ પંચાયત સ્ટાફ માટે બાયોમેટ્રીક એટન્ડન્સ સિસ્ટમ.
- ❖ ગ્રામજનો માટે ઈન્ટરનેટ સુવિધાયુકત લાઈબ્રેરી.
- ❖ ૧૮૨ એલ.ઈ.ડી સ્ટ્રીટ લાઈટ ની સુવિધા.
- ❖ ડોર ટુ ડોર વેસ્ટ કલેકશન.
- ❖ ગ્રામ પંચાયતા ધ્વારા  નોલેજ બેન્ક ,બલ્ડ બેન્ક,કમ્પલેઈન રજીસ્ટર ,અસ્થિ બેન્કનું સુચારૂ સંચાલન.
- ❖ ગ્રામ પંચાયતની મોબાઈલ એપ.

## ૪. આદર્શ ગામ જશવંતગઢ

- ❖ વાઈફાઈ સુવિધા યુકત ગામ.
- ❖ ૧૦૦ સ્પીકર ધ્વારા  પબ્લીક એડ્રેસ સીસ્ટમનુ સંચાલન.
- ❖ સી.સી.ટીવી  કેમેરાની સુવિધા.
- ❖ ૧૨૦ એલ.ઈ.ડી બલ્બ ધ્વારા સ્ટીટ્ર લાઈટની સુવિધા.
- ❖ ૨૪ x ૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે  ઈસીજી સહિતની સુવિધા.

# (૩) સાબરકાંઠા જિલ્લા પંચાયતના ઈનોવેટીવ પ્રોજેકટ

## ૧.ડીઝીટલ સેતુઃ–

- ❖ ડિઝીટલ સેતુ ભારતની સૌ પ્રથમ યોજના છે, કે જે અંતરિયાળ અને આદિજાતિ વિસ્તારના ખેડબ્રહમા તાલુકાના સમગ્ર વિસ્તારને વાઈ–ફાઈ ઈન્ટરનેટ સેવાઓનો લાભ આપે છે.
- ❖ પ્રારંભિક તબકકામાં ખેડબ્રહમા તાલુકાના ૩ર ગામોને આવરી લેવાયા છે. જેમાં ગ્રામ પંચાયત અને સખી મંડળની જન ભાગીદારીથી આ ટાવર ઉભા કરવામાં આવ્યા છે. હાલમાં સમગ્ર જિલ્લામાં કુલ ૬૧ ગામોમાં ડીઝીટલ સેતુ પ્રોજેકટ અંતર્ગત ૬ર ગામોને વાઈફાઈ ધ્વારા ઈન્ટરનેટ સેવાની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે.

## ૨. સ્વાસ્થ્ય સંવેદના સેનાઃ–

- ❖ માતા મૃત્યુ દર અને બાળ મૃત્યુ દરમાં ધટાડો લાવવાના ઉમદા આશયથી સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારીની સુચના અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ના માર્ગદર્શન હેઠળ આરોગ્ય શાખા ધ્વારા"સ્વાસ્થ્ય સંવેદના સેના પ્રોજેકટ" અમલી કરવામાં આવેલો છે. આ પ્રોજેકટ અંતર્ગત ૬૬૬ ટેબ્લેટ ધ્વારા આરોગ્ય કર્મચારી ક્ષેત્રિય કામગીરી દરમ્યાન લાભાર્થીઓને રસીકરણ, માતૃબાળ કલ્યાણ, સગર્ભા અવસ્થાની સેવાઓ, નવજાત શીશુની કાળજી, હેન્ડવોશ ટેકનીક, કુંટુબ કલ્યાણ સેવાઓ, ઝાડા તથા અન્ય સામાન્ય બિમારીની સારવાર અંગેના વિવિધ પ્રકારના વિડીયો ધ્વારા અસરકારક આરોગ્ય શિક્ષણ આપે છે.
- ❖ આ ડિવાઈસમાં આરોગ્ય અને પોષણ વિષયક સેવાઓ અને યોજનાઓના વિડીયો, ઓાડીયો, ઈમેજ ફાઈલ, પાવર પોઈન્ટ સ્લાઈડ મૂકેલા છે. આ માહિતી લાભાર્થીને બતાવ્યા બાદ કવીઝ રજુ કરવામા આવે છે.
- ❖ ટેબલેટ ગ્રામ વિસ્તારમાં નાના જૂથમાં મહિલાઓ તેમજ કિશોરીઓને આરોગ્ય શિક્ષણ માટે આશીર્વાદરૂપ છે. કિશોરીઓ સંકોચ વિના તેઓના જાતીય પ્રશ્નો અંગે પણ નિખાલસતાથી પૂછપરછ કરી શંકાનું સમાધાન મેળવે છે.
- ❖ પ્રાથમિક શાળાઓમાં એલ.ઈ.ડી માં ટેબલેટને કનેકટ કરવાથી હેન્ડવોશ ,માખી ધ્વારા ફેલાતા રોગો જેવા વિવિધ વિડીયો શાળાના બાળકોને બતાવવામાં સગવડતા ભર્યુ રહે છે.
- ❖ આ પ્રોજેકટને રાષ્ટ્રકક્ષાના સ્કોચ એવોર્ડ અને ઈલેટસ એવોર્ડ મળેલ છે.

## ૩. ડી.એફ.એસ :–

સાબરકાંઠા જિલ્લા પંચાયત ધ્વારા તમામ આવાસ યોજનાઓ, મનરેગા યોજના, આંગણવાડીના મકાન, રાજીવ ગાંધી ભવન, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર, સબ સેન્ટર, પ્રાથમિક શાળાના ઓરડાઓ, શૌચાલય, સી.સી.રોડ તેમજ ગટર લાઈન જેવા પંચાયત ધ્વારા અમલીકરણ થતા તમામ વિકાસના કામોનું ઓનલાઈન મોબાઈલ ઈન્સ્પેકશન કરવામાં આવે છે. આ યોજના હેઠળ લાભાર્થીઓને ઓનલાઈન ઈન્સ્પેકશન કર્યા બાદ જ વર્ક ઓર્ડર તેમજ પ્રથમ હપ્તો પણ ઓનલાઈન મોબાઈલ ઈન્સ્પેકશન કર્યા બાદ જ ચુકવવામાં આવે છે.

- ❖ ૩૧–૩–૨૦૧૭ સુધીમાં કુલ ૨,૮૦,૮૨૨ કામોનું ડીએફએસ અંતર્ગત ઈન્સ્પેકશન કરવામાં આવેલ છે.
- ❖ આ પ્રોજેકટને રાષ્ટ્રકક્ષાના મંથન, સ્કોચ, સી.એસ.આઈ નિહીલન્ટ એવોર્ડ મળેલ છે.

## ૪. ઈ– શિક્ષક

- ❖ શિક્ષકો એકબીજા સાથે માહિતીનું આદાન પ્રદાન ઓડીયો –વિડીયો અને અન્ય ઈલેકટ્રોનિક ફાઈલ મારફતે કરી શકે છે.
- ❖ શિક્ષકો રોજબરોજના શિક્ષણ કાર્યમાં ઉદભવતા પ્રશ્નોનું નિરાકરણ ઓનલાઈન મેળવી શકે છે.
- ❖ નવીન અધતન પધ્ધતિથી માહિતગાર થાય છે.
- ❖ જિલ્લાની વિષયવાર સારી બાબતોનું ગઠન અને પ્રચાર થાય છે.
- ❖ બાળકોની શૈક્ષણિક ગુણવતામાં સુધારો થાય છે.
- ❖ શાળાની ભૌતિક સુવિધા, શૈક્ષણિક માહિતી, શાળામાં ચાલતા તાલીમ કાર્યકમોની માહિતી ઓનલાઈન મૂકી શકાય છે.
- ❖ આ વેબસાઈટ ઉપર ૩૨૩ ફોટોગ્રાફસ, ૭૧૮ વિડીયો અપલોડ થયેલા છે.
- ❖ ત્રણ બ્લોગ,૫૪ શૈક્ષણિક કવિતાઓ અને ૯૭ પાના અપલોડ કરેલા છે.
- ❖ શૈક્ષણિક બાબતોમાં નવીન વિચાર –પ્રદાન અંગે રાષ્ટ્રીય પુરસ્કાર – ૨૦૧૫ પ્રાપ્ત થયેલ છે.

## ૫. ગ્રીન મીની ડેટા સેન્ટર

આધુનિક ટેકનોલોજી ધ્વારા જિલ્લા પંચાયતના વિવિધ વિભાગો તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાકીય માહિતીના સંપૂર્ણ ડેટા એક જગ્યાએ સોફટ કોપીમાં સંગ્રહ કરી શકાય તેમજ અન્ય જરૂરી ઓનલાઈન એપ્લીકેશન ચલાવી શકાય તે માટે નવિન જિલ્લા પંચાયત ભવન ખાતે ગ્રીન મીની ડેટા સેન્ટર તૈયાર કરવામાં આવેલ છે.

## ૬. માતા યશોદા મોબાઈલ એપ્લીકેશન :–

૬ માસથી ૬ વર્ષ સુધીના બાળકોમાં કુપોષણનુ પ્રમાણ ઘટાડવાના ઉદેશથી સમગ્ર જિલ્લાના ૩૩૦ આંગણવાડી કેન્દ્રોમાં માતા યશોદા મોબાઈલ એપ્લીકેશન નો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત આંગણવાડી કેન્દ્રના આંગણવાડી કાર્યકરને વિવિધ પ્રકારના ૧૧ રજીસ્ટરમાં ભરવાની થતી માહિતી મોબાઈલ એપ્લીકેશન ના ઉપયોગ ધ્વારા ખૂબજ ઓછા સમયમાં સરળતાથી ભરી શકાય છે. જેથી તેઓ આંગણવાડીના બાળકોને પોષણ તેમજ પૂર્વ પ્રાથમિક શિક્ષણની સેવાઓ માટે વધુ સમય આપી શકે.

- ❖ ઈલેટસ ટેકનોલોજી ધ્વારા સ્માર્ટ હેલ્થકેર કોન્કેલવ –૨૦૧૬ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

## ૭. ગ્રામ કક્ષાએ એકીકૃત બાયોગેસ એકમ અને વર્મી કાસ્ટ પ્રોડકશન પ્રોજેકટ વિરપુર તા.હિમતનગર :–

બી.આર.જી.એફ યોજના વર્ષ ૨૦૧૪–૧૫ અંતર્ગત વિરપુર તાલુકો હિમતનગર ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રીની સુચના અને નાયબ પશુપાલન નિયામકના માર્ગદર્શન હેઠળ ગ્રામ કક્ષાએ એકીકૃત બાયોગેસ એકમ અને વર્મીકંમ્પોસ્ટ પ્રોડકશન પ્રોજેકટ તૈયાર કરવામાં આવેલો છે. સામુહીક બાયોગેસ પ્રોજેકટ માંથી ઉત્પન્ન થતો બાયોગેસ ઘરેલુ ઈંધણ તરીકે ૫૦ કુંટુબોને પુરો પાડવામાં તથા આ પ્રોજેકટમાંથી ઉત્પન્ન થતી સલ્રી માંથી વર્મીકંમ્પોસ્ટ પ્રોડકશન કરવામાં આવે છે.

## ૮. સાબરકાંઠા જિલ્લા પંચાયત ધ્વારા પ્રકાશિત પ્રજાસેતુ માસિક :–

જાન્યુઆરી –૨૦૧૧ થી પ્રજાસેતુ માસિક દર મહિને બહાર પાડવામાં આવે છે. જેમાં રાજય સરકાર તથા જિલ્લા પંચાયતની વિવિધ યોજનાઓની જાણકારી, જિલ્લા, તાલુકા તેમજ ગ્રામ કક્ષાએ યોજાતા વિવિધ કાર્યક્રમોની સચિત્ર માહીતી સભર જાણકારી જિલ્લાની તમામ ગ્રામ પંચાયતો, પ્રાથમિક શાળાઓ , પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, આશા કાર્યકરો તથા અન્ય લવાજમ ધારકોને દર માસે પોસ્ટથી પહોચાડવામાં આવે છે.

## (૪) વાતાવરણ

સને. ૨૦૧૬– ૨૦૧૭ દરમ્યાન વરસાદની સરેરાશ માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં નીચે મુજબ વરસાદ નોંધાયેલ છે. હેડ ક્વાટર્સ હિંમતનગર ખાતે વર્ષ ૨૦૦૧ થી વર્ષ ૨૦૧૬ સુધી નોંધાયેલ વરસાદ નીચે મુજબ છે.

| વર્ષ | વરસાદ (મી.મી) |
|---|---|
| ૨૦૦૧ | ૫૪૯ |
| ૨૦૦૨ | ૩૫૬ |
| ૨૦૦૩ | ૮૪૬ |
| ૨૦૦૪ | ૭૨૭ |
| ૨૦૦૫ | ૧૦૨૭ |
| ૨૦૦૬ | ૧૬૯૦ |
| ૨૦૦૭ | ૧૩૧૫ |
| ૨૦૦૮ | ૬૪૬ |
| ૨૦૦૯ | ૬૭૧ |
| ૨૦૧૦ | ૮૪૭ |
| ૨૦૧૧ | ૯૭૭ |
| ૨૦૧૨ | ૭૭૨ |
| ૨૦૧૩ | ૧૧૨૫ |
| ૨૦૧૪ | ૯૧૦ |
| ૨૦૧૫ | ૮૬૬ |
| ૨૦૧૬ | ૩૨૭ |

## (૫) દુષ્કાળ :–

વર્ષ ૨૦૧૬– ૨૦૧૭ માં સાબરકાંઠા જિલ્લાના કોઈ પણ વિસ્તારમાં દુષ્કાળ ની પરિસ્થિતિ ઉપસ્થીત થયેલ નથી.

## (૬) વસ્તી :

જિલ્લાની સને ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ કુલ વસ્તી ૧૪,૦૪,૮૬૫છે.તે પૈકી પુરૂષો ૭,૨૦,૧૨૮ તથા સ્ત્રીઓ ૬,૮૪,૭૩૭

## (૬.૧) જિલ્લામા થયેલ વસ્તી વધારો ૧૯૦૧ – ૨૦૧૧

| અનુ. | વર્ષ | વસ્તી પુરુષો | દસકાનો વસ્તી વધારો ટકામાં | વસ્તી સ્ત્રીઓ | દસકાનો વસ્તી વધારો ટકામાં | કુલ વસ્તી | દસકાનો વસ્તી વધારો ટકામાં |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૦૧ | ૧૬૧૫૦૧ | ૦ | ૧૬૪૫૬૪ | ૦ | ૩૨૯૬૬૫ | ૦ |
| ૨ | ૧૯૧૧ | ૧૮૮૫૭૨ | ૧૪.૦૮ | ૧૮૫૨૪૦ | ૧૨.૫૬ | ૩૭૩૮૧૨ | ૧૩.૩૨ |
| ૩ | ૧૯૨૧ | ૨૦૬૬૧૦ | ૯.૫૭ | ૨૦૫૪૩૬ | ૧૦.૯૦ | ૪૨૨૦૪૬ | ૧૦.૨૩ |
| ૪ | ૧૯૩૧ | ૨૪૯૦૨૧ | ૨૦.૫૩ | ૨૪૦૦૩૫ | ૧૬.૮૪ | ૪૮૯૦૫૬ | ૧૮.૬૯ |
| ૫ | ૧૯૪૧ | ૨૯૧૨૪૨ | ૧૬.૯૫ | ૨૮૧૭૦૬ | ૧૭.૩૬ | ૫૭૨૯૪૮ | ૧૭.૧૫ |
| ૬ | ૧૯૫૧ | ૩૪૬૭૭૪ | ૧૯.૦૭ | ૩૩૭૨૪૩ | ૧૦.૭૧ | ૬૮૪૦૧૭ | ૧૯.૩૯ |
| ૭ | ૧૯૬૧ | ૪૭૦૨૨૪ | ૩૫.૬૦ | ૪૪૮૩૬૩ | ૩૨.૯૫ | ૯૧૮૫૮૭ | ૩૪.૨૯ |
| ૮ | ૧૯૭૧ | ૬૦૪૫૪૬ | ૨૮.૫૭ | ૫૮૩૦૯૧ | ૩૦.૦૫ | ૧૧૮૭૬૩૭ | ૨૯.૨૯ |
| ૯ | ૧૯૮૧ | ૭૬૦૩૮૧ | ૨૫.૭૭ | ૭૪૧૦૯૩ | ૧૬.૬૦ | ૧૫૦૨૨૮૪ | ૨૬.૪૯ |
| ૧૦ | ૧૯૯૧ | ૮૯૬૦૧૦ | ૧૭.૮૩ | ૮૬૫૦૭૬ | ૧૧.૩૦ | ૧૭૬૧૦૮૬ | ૧૭.૨૩ |
| ૧૧ | ૨૦૦૧ | ૧૦૬૯૬૦૨ | ૧૯.૩૭ | ૧૦૧૩૮૧૪ | ૧૭.૧૯ | ૨૦૮૩૪૧૬ | ૧૮.૩૦ |
| ૧૨ | ૨૦૧૧ | ૧૨૪૪૪૯૧ | ૧૬.૩૬ | ૧૧૮૨૮૫૫ | ૧૬.૭૭ | ૨૪૨૭૩૪૬ | ૧૬.૬૨ |

**નોંધઃ–વસ્તી ગણતરીના આંકડા જુના જિલ્લાના માળખા મુજબના છે.**

## (૬.૨) વર્ષ સને. ૨૦૧૬– ૨૦૧૭ માં જિલ્લાની તાલુકાવાર ગ્રામ પંચાયતો નીચે મુજબ છે.

| અનુ. | તાલુકાનુંનામ | ગામોની સંખ્યા | કુલ ગ્રામ પંચાયતો ની સંખ્યા ( ૨૦૧૬– ૨૦૧૭) | પૈકી સ્વતંત્ર ગ્રામ પંચાયતની સંખ્યા | જુથ ગ્રામ પંચાયત ની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ખેડબ્રહમા | ૭૬ | ૩૪ | ૧૮ | ૧૬ |
| ૨ | વિજયનગર | ૮૬ | ૩૬ | ૧૫ | ૨૧ |
| ૩ | વડાલી | ૫૫ | ૪૨ | ૩૦ | ૧૨ |
| ૪ | ઈડર | ૧૪૪ | ૧૦૩ | ૭૬ | ૨૭ |
| ૫ | હિંમતનગર | ૧૪૬ | ૧૦૩ | ૭૦ | ૩૩ |
| ૬ | પ્રાંતિજ | ૬૯ | ૬૦ | ૫૨ | ૮ |
| ૭ | તલોદ | ૭૭ | ૬૧ | ૪૭ | ૧૪ |
| ૮ | પોશીના | ૫૯ | ૧૭ | ૬ | ૧૧ |
| | કુલ | ૭૧૨ | ૪૫૬ | ૩૧૪ | ૧૪૨ |

## (૬.૩) સને. ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ જિલ્લામા કામ કરનાર સીમાંત તથા કામ નહી કરનારની સંખ્યાની વિગત નીચે પ્રમાણે છે.

| અનુ. | મુખ્ય કામ કરનારા ઓની વિગત | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મુખ્ય કામ કરનાર | ૩૪૫૪૫૫ | ૧૧૬૫૯૬ | ૪૬૨૦૫૧ |
| ૨ | સીમાંત કામ કરનાર | ૪૫૭૧૪ | ૧૦૮૧૬૧ | ૧૫૩૮૭૫ |
| ૩ | કામ નહી કરનાર | ૩૨૮૯૫૯ | ૪૫૯૯૮૦ | ૭૮૮૯૩૯ |
| | કુલ | ૭૨૦૧૨૮ | ૬૮૪૭૩૭ | ૧૪૦૪૮૬૫ |

## (૬.૪) ૨૦૧૧ ની વસ્તીગણતર્રી મુજબ વય જુથ મુજબ વસ્તીની વિગત નીચે મુજબ છે.

| અનુ. | વય જુથ વર્ષમાં | પુરૂષ | સ્ત્રીઓ | સરવાળો |
|---|---|---|---|---|
| ૧ | ૦ – ૬ | ૮૬૭૮૧ | ૮૫૫૪૦ | ૧૭૨૩૨૧ |
| ૨ | ૫-૧૪ | ૧૭૭૯૩૫ | ૨૬૫૪૩૮ | ૩૪૩૩૭૩ |
| ૩ | ૧૫-૧૯ | ૬૦૦૨૯ | ૫૪૬૦૬ | ૧૧૪૬૩૫ |
| ૪ | ૨૦થી વધુ | ૩૯૫૩૮૩ | ૨૭૯૧૫૩ | ૭૭૪૫૩૬ |
| | કુલ | ૭૨૦૧૨૮ | ૬૮૪૭૩૭ | ૧૪૦૪૮૬૫ |

## (૬.૫) ૨૦૧૧ ની વસ્તી મુજબ જિલ્લાની તાલુકાવાર (૦ – ૬) વર્ષ સુધીની વસ્તી.

| અ.નું | તાલુકો | વસ્તી | વસ્તી | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૧૧ મુજબ | પુરૂષ(૦–૬) | સ્ત્રીઓ(૦–૬) | સરવાળો(૦–૬) |
| ૧ | ખેડબ્રહમા | 163966 | 16636 | 15699 | 32335 |
| ૨ | વિજયનગર | 103895 | 8549 | 7741 | 16290 |
| ૩ | વડાલી | 90597 | 6269 | 5760 | 12029 |
| ૪ | ઈડર | 259478 | 16681 | 14501 | 31182 |
| ૫ | હિંમતનગર | 340289 | 22091 | 18942 | 41033 |
| ૬ | પ્રાંતિજ | 161279 | 10392 | 9149 | 19541 |
| ૭ | તલોદ | 154424 | 10472 | 9188 | 19660 |
| ૮ | પોશીના | 130937 | 17428 | 16569 | 33997 |
| | કુલ | 1404865 | 124820 | 113116 | 237936 |

## ૭. જમીન વપરાશ

જમીનના ઉપયોગની વિગત નીચે મુજબ છે.

| અ.નું. | વિગત | વિસ્તાર(હેકટરમાં) |
|---|---|---|
| | | ૨૦૧૬–૨૦૧૭ |
| ૧ | જંગલો | ૬૫૪૬૧ |
| ૨ | ઉજ્જડ અને ખેડી ન શકાય તેવી જમીન | ૩૦૭૨૪ |
| ૩ | બીન ખેતી  વિષયક ઉપયોગમા લેવાયલી જમીન | ૯૯૯૩ |
| ૪ | પ્રકિર્ણ વૃક્ષો અને ઝાડો હેઠળની જમીન | ૪૩૮૩ |
| ૫ | કાયમી ગૌચર અને ચરાણની જમીન | ૨૨૮૫૯ |
| ૬ | ચાલુ પડતર | ૭૫૧૧ |
| ૭ | અન્ય પડતર | ૭૭૪૨ |
| ૮ | ચોખ્ખો વાવેતર વિસ્તાર | ૨૩૬૫૪૧ |
| ૯ | એક કરતા વધુ વખત વાવેતર | ૨૭૭૪૪ |
| ૧૦ | એકંદર વાવેતર વિસ્તાર | ૭૩૮૦૯ |
| | કુલ ભૌગોલીક વિસ્તાર | ૪૮૬૭૬૭ |

| સને ૨૦૧૬–૧૭ ખરીફ ફાઈનલ પાક વાવેતર વિસ્તાર (હેકટરમાં) તા. જી.સા.કા | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.ન | પાકનું નામ | હિમતનગર | ઈડર | વડાલી | ખેડબ્રહમા | પોશીના | પ્રાતિજ | વિજગનગર | તલોદ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ડાંગર | ૧૦૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૯૬૦ | ૪૦૦ | ૭૨૦ | ૬૧૮૫ |
| ૨ | બાજરી | ૦ | ૫ | ૦ | ૦ | ૨૦ | ૧૦ | ૦ | ૨૭૬ | ૩૧૧ |
| ૩ | મકાઈ | ૨૬૯ | ૧૧૬૧ | ૪૬૦ | ૬૧૦૦ | ૩૦૦૦ | ૦ | ૪૭૩૦ | ૧૩૨ | ૧૫૮૮૨ |
| ૪ | તુવર | ૫૨૧ | ૨૯૨૭ | ૧૮૮૦ | ૩૦૦૦ | ૧૧૦૦ | ૬૮ | ૧૦૫૦ | ૧૬૧ | ૧૦૭૦૭ |
| ૫ | મગ | ૧૩૫ | ૮૫૦ | ૫૦ | ૧૫૦ | ૩૫૦ | ૫૦ | ૨૦ | ૨૯૩ | ૧૮૯૮ |
| ૬ | મઠ | ૦ | ૨ | ૦ | ૧૬ | ૦ | ૨૫ | ૦ | ૦ | ૪૩ |
| ૭ | અડદ | ૫૦૦ | ૧૮૦૧ | ૧૨૦૦ | ૩૮૦૦ | ૧૧૫૦ | ૧૧૦૫ | ૧૩૪૦ | ૧૪૪૫ | ૧૨૩૪૧ |
| ૮ | ગુવાર | ૨૩૧૫ | ૧૬૦૦ | ૧૫ | ૧૦૦ | ૧૦૦ | ૩૮૨૫ | ૦ | ૧૩૦૧ | ૯૨૫૬ |
| ૯ | અન્ય કઠોળ | ૦ | ૧૭૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૭૦ |
| ૧૦ | મગફળી | ૨૦૦૨૦ | ૧૩૩૫૭ | ૪૦૫૦ | ૧૫૦૦ | ૦ | ૩૭૦૦ | ૮૦ | ૭૯૭૬ | ૫૦૬૮૩ |
| ૧૧ | તલ | ૭૨ | ૧૭૦ | ૧૦ | ૧૦૦ | ૧૫૦ | ૩૦ | ૫૨ | ૬૬ | ૬૫૦ |
| ૧૨ | દિવેલા | ૩૨૬૭ | ૫૨૩૨ | ૯૨૫ | ૧૮૫૦ | ૭૫૦ | ૧૯૧૫ | ૫૨૦ | ૨૮૬૩ | ૧૭૩૨૨ |
| ૧૩ | સાયાબીન | ૭૭૫ | ૧૬૮૪ | ૮૫૦ | ૧૮૦૦ | ૦ | ૧૫ | ૬૩૦ | ૭૫૦ | ૬૫૦૪ |
| ૧૪ | કપાસ | ૨૦૪૦૦ | ૧૯૯૨૧ | ૯૬૧૨૦ | ૩૫૦૦ | ૨૫૦૦ | ૪૨૫૦ | ૩૦૦ | ૪૦૪૮ | ૬૪૦૩૯ |
| ૧૫ | ધાસચારો | ૩૭૧૫ | ૪૪૩૦ | ૨૦૫૦ | ૫૦૦ | ૫૦૦ | ૨૨૪૫ | ૩૨૦૦ | ૩૨૦૦ | ૨૦૯૪૦ |
| ૧૬ | શાકભાજી | ૧૨૫ | ૧૪૨૧ | ૪૨૨૦ | ૨૫ | ૨૫ | ૬૩૪૦ | ૧૧૦ | ૬૩૨ | ૧૩૦૦૩ |
| ૧૭ | ફળઝાડ | ૩૦ | ૨૦ | ૧૫૦ | ૦ | ૦ | ૧૦૭૬ | ૧૦ | ૭૪ | ૧૪૨૦ |
| ૧૮ | મસાલાપાક | ૧૨૦ | ૩૦૦ | ૨૦૦ | ૫૦ | ૫૦ | ૩૨૫ | ૭૫ | ૧૦૨૨ | ૨૦૯૨ |
| ૧૯ | શેરડી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | કુલપાક | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૮ | ૬૮ |
| | કુલ | ૫૨૩૬૯ | ૫૫૦૫૧ | ૧૧૨૧૮૦ | ૨૨૪૯૧ | ૯૬૯૫ | ૨૯૯૩૯ | ૧૨૫૧૭ | ૨૫૦૨૭ | ૨૩૩૫૧૪ |

સાબરકાંઠા જિલ્લામાં સને.૨૦૧૬-૧૭ માં ઉનાળું ઋતુ માં થયેલ અંદાજીત તાલુકાવાર પાક વાવેતર વિસ્તાર દર્શાવતું પત્રક (હેક્ટરમાં) ફાઇનલ રીપોર્ટ

| અ.નં | પાકનું નામ | ઇડર | વડાલી | હિંમતનગર | ખેડબ્રહ્મા | પોશીના | પ્રાંતિજ | તલોદ | વિજય નગર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | બાજરી | ૯૭ | ૧૨૦ | ૩૧૦ | ૩૦ | ૨ | ૨૪૫ | ૩૭૫ | ૦ | ૧૧૭૯ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૩૭૫ | ૯૩૪ | ૧૫૦ | ૦ | ૭૫૫ | ૨૪૫ | ૮૦ | ૩૪૩૯ |
| ૩ | મકાઇ | ૩૪૦ | ૩૬૦ | ૭૦ | ૧૨૦ | ૬૦ | ૦ | ૧૦ | ૧૭૦ | ૧૧૩૦ |
| ૪ | મગ | ૩૨૦ | ૪૮૦ | ૨૦૫ | ૪૭૦ | ૧૮૦ | ૭૦ | ૮૦ | ૫૭૦ | ૨૩૭૫ |
| ૫ | ઘાસચારા | ૪૫૦ | ૩૦૦ | ૮૭૪ | ૧૪૦ | ૫૦ | ૩૨૫ | ૪૦૦ | ૩૧૦ | ૨૮૪૯ |
| ૬ | શાકભાજી | ૬૫ | ૨૦૦ | ૪૧૪ | ૨૫ | ૧૫ | ૨૮૫૦ | ૨૦૦ | ૧૦૦ | ૩૮૬૯ |
| ૭ | તલ | ૨૫ | ૧૦ | ૨૯ | ૦ | ૦ | ૬૫ | ૦ | ૦ | ૧૨૯ |
| ૮ | ગવાર | ૧૫ | ૦ | ૭૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૯૩ |
| ૯ | અડદ | ૧૦ | ૦ | ૦ | ૧૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૨ |
| ૧૦ | અન્ય | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | કુલ | ૨૨૨૨ | ૧૮૪૫ | ૨૯૧૪ | ૯૪૭ | ૩૦૭ | ૪૩૧૦ | ૧૩૧૦ | ૧૨૩૦ | ૧૫૦૮૫ |

# સને ૨૦૧૬ –૧૭ રવિ ફાઈનલ પાક વાવેતર વિસ્તાર (હેકટરમાં) જી.સા.કા

| અ.નં | પાકનું નામ | ઇડર | વડાલી | હિંમતનગર | ખેડબ્રહ્મા | પોશીના | પ્રાંતિજ | તલોદ | વિજયનગર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઘઉં પિયત | ૦ | ૭૪૫૦ | ૨૪૦૧૫ | ૭૯૦૦ | ૪૨૫૦ | ૫૦૦ | ૧૯૭૫ | ૪૧૦૦ | ૫૦૧૯૦ |
| ૨ | ઘઉં બીન પિયત | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | મકાઇ | ૮૪૮ | ૪૭૫ | ૧૧૪ | ૭૦૦ | ૨૦૦ | ૦ | ૧૬૯ | ૨૬૦ | ૨૭૬૬ |
| ૪ | જવ | ૦ | ૦ | ૦ | ૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | રાજગરો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | ચણા | ૧૨ | ૫ | ૧૪ | ૨૬૦ | ૪૦ | ૦ | ૫૫ | ૪૩૦ | ૮૧૬ |
| ૭ | જુવાર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | રાઇ પિયત | ૧૧૨ | ૦ | ૪૬૦ | ૧૬૦ | ૧૫૦ | ૬૦ | ૧૦ | ૧૨૦ | ૧૦૭૨ |
| ૯ | રાઇબીન પિયત | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | સરસવ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | જીરૂ પિયત | ૩૬૫ | ૨૮૦ | ૬૨ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૭૨૨ |
| ૧૨ | જીરૂ બીન પિયત | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | મેથી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ધાણા | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ |
| ૧૫ | લસણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | અજમો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | ડુંગળી | ૨૦ | ૩૩ | ૦ | ૭૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨૩ |
| ૧૮ | સવા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | ઇસબગુલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | તાંદળજો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | વરીયાળી | ૧૨૦૮ | ૫૮ | ૫૪૫ | ૧૩૫ | ૬૦ | ૫૦ | ૩૧૫ | ૧૯૫ | ૨૫૬૬ |
| ૨૨ | તમાકુ | ૧૨૫૯ | ૧૦ | ૪૭૮૫ | ૦ | ૦ | ૨૦૦ | ૨૨૫ | ૦ | ૬૪૭૯ |
| ૨૩ | રજકો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | ચિકોરી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | મકાઇઘાસ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | જુવારઘાસ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | શાકભાજી | ૧૪૬૪ | ૧૦૫૦ | ૧૫૪ | ૧૫૦ | | ૫૨૦૦ | ૧૬૧ | ૧૭૦ | ૮૩૪૯ |
| ૨૮ | અન્ય ઘાસ | ૨૮૬૪ | ૪૧૬ | ૬૩૨ | ૧૨૦૦ | | ૭૫૦ | ૪૧૫ | ૪૬૦ | ૬૭૩૭ |
| ૨૯ | ગાજર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | બટાટા | ૨૭૯૭ | ૭૮૦ | ૧૮૬૦ | ૫૦૦ | | ૭૦૦ | ૨૩૦૦ | ૪૧૦ | ૯૩૪૭ |
| ૩૧ | કસુંબી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | અસાળીયો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩ | રજકાબાજરી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ :** | ૧૦૯૪૯ | ૧૦૫૬૨ | ૩૨૬૪૧ | ૧૧૦૮૦ | ૪૭૦૦ | ૭૪૬૫ | ૫૬૩૦ | ૬૧૪૫ | ૮૯૧૭૨ |

## (૮) કૃષિ ઉત્પાદન :–

**જિલ્લામાં મહત્વના પાકોનો સને. ૨૦૧૬– ૨૦૧૭ ના વર્ષનો વાવેતર વિસ્તાર અને ઉત્પાદન નીચે પ્રમાણે છે.**

| અનુ. | પાકનું નામ | વિસ્તાર(હેકટરમા) | ઉત્પાદન (૦૦૦ મેટ્રીક ટનમાં) |
|---|---|---|---|
| ૧ | ચોખા (પિયત) | ૬૧૮૫ | ૧૮ |
| ૨ | ઘઉં | ૧૧૫૦ | ૩૩૨૬ |
| ૩ | મકાઈ (ઉનાળુ) | ૧૧૩૦ | ૦ |
| ૪ | મકાઈ(ખરીફ) | ૧૫૮૮૨ | ૧૦૮ |
| ૫ | મકાઈ (રવિ) | ૦ | ૦ |
| ૬ | તુવેર | ૧૦૭૦૭ | ૩૭ |
| ૭ | મગફળી(ખરીફ) | ૫૦૬૮૩ | ૬૬ |
| ૮ | સોયાબીન | ૬૫૦૪ | ૪૪ |
| ૯ | કપાસ | ૬૪૦૩૯ | ૩૫૬ |
| ૧૦ | તમાકુ | ૦ | ૧૨ |
| | કુલ | ૧૫૬૨૮૦ | ૩૯૬૭ |

**જિલ્લામાં મહત્વના પાકોનુ સને. ૨૦૧૬– ૨૦૧૭ ના વર્ષનુ વાવેતર વિસ્તાર નીચે પ્રમાણે છે.**

| અનુ. | પાકનું નામ | વિસ્તાર(હેકટરમા) |
|---|---|---|
| ૧ | ચોખા (પિયત) | ૬૧૮૫ |
| ૨ | ઘઉં | ૧૧૫૦ |
| ૩ | મકાઈ (ઉનાળુ) | ૧૧૩૦ |
| ૪ | મકાઈ(ખરીફ) | ૧૫૮૮૨ |
| ૫ | મકાઈ (રવિ) | ૦ |
| ૬ | તુવેર | ૧૦૭૦૭ |
| ૭ | મગફળી(ખરીફ) | ૫૦૬૮૩ |
| ૮ | સોયાબીન | ૬૫૦૪ |
| ૯ | કપાસ | ૬૪૦૩૯ |
| ૧૦ | તમાકુ | ૦ |
| | કુલ | ૧૫૬૨૮૦ |

## (૯) સિંચાઈ :–

**(૯.૧) જિલ્લામાં કુલ ૫૨૨ અનુશ્રવણ તળાવો, જુદા–જુદા તાલુકામાં દર્શાવ્યા પ્રમાણે આવેલા છે. જેનાથી ૪૧૭૬ હેકટર જમીનમાં આડકતરી સિંચાઈ થાય છે. ( ૭/૨૦૧૬)**

| અનુ. | તાલુકો | અનુશ્રવણ તળાવની સંખ્યા | આડકતરી સિંચાઈ વિસ્તાર હેકટર |
|---|---|---|---|
| ૧ | ખેડબ્રહમા | ૬૬ | ૫૨૮ |
| ૨ | વિજયનગર | ૩૧ | ૨૪૮ |
| ૩ | વડાલી | ૫૮ | ૪૬૪ |
| ૪ | ઈડર | ૧૦૦ | ૮૦૦ |
| ૫ | હિંમતનગર | ૮૨ | ૬૫૬ |
| ૬ | પ્રાંતિજ | ૪૭ | ૩૭૬ |
| ૭ | તલોદ | ૩૯ | ૩૧૨ |
| ૮ | પોશીના | ૯૯ | ૭૯૨ |
| | | ૫૨૨ | ૪૧૭૬ |

**(૯.૨) જિલ્લામાં ૪૯૨ ચેકડેમ આવેલ છે. જેનાથી ૧૯૬૮ હેકટરમાં આડકતરી સિંચાઈ થાય છે. ( ૮/૨૦૧૬ અંતિત)**

| અનુ. | તાલુકો | ચેકડેમની સંખ્યા | આડકતરી સિંચાઈ વિસ્તાર હેકટરમાં |
|---|---|---|---|
| ૧ | ખેડબ્રહમા | ૭૮ | ૩૧૨ |
| ૨ | વિજયનગર | ૭૦ | ૨૮૦ |
| ૩ | વડાલી | ૩૩ | ૧૩૨ |
| ૪ | ઈડર | ૧૧૭ | ૪૬૮ |
| ૫ | હિંમતનગર | ૪૯ | ૧૯૬ |
| ૬ | પ્રાંતિજ | ૨૫ | ૧૦૦ |
| ૭ | તલોદ | ૩૦ | ૧૨૦ |
| ૮ | પોશીના | ૯૦ | ૩૬૦ |
| | કુંલ :– | ૪૯૨ | ૧૯૬૮ |

## (૯.૩) જિલ્લા પંચાયત હસ્તકની નાની સિંચાઈ તળાવો હેઠળ ૨૦૧૬– ૨૦૧૭ માં ઋતુવાર સિંચાઈ ની વિગત નીચે પ્રમાણેછે.

| અનુ. | તાલુકો | યોજનાની સંખ્યા (હયાત) | ઋતુવાર થયેલ સિંચાઈ (હેકટરમાં) | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ખરીફ | રવિ | ઉનાળુ | કુલ |
| ૧ | ખેડબ્રહમા | ૧૬ | ૦ | ૧૨૨ | ૦ | ૧૨૨ |
| ૨ | વિજયનગર | ૪ | ૦ | ૫૫ | ૦ | ૫૫ |
| ૩ | વડાલી | ૫ | ૦ | ૪૦ | ૦ | ૪૦ |
| ૪ | ઈડર | ૭ | ૦ | ૪૫ | ૦ | ૪૫ |
| ૫ | હિંમતનગર | ૬ | ૦ | ૩૦ | ૦ | ૩૦ |
| ૬ | પ્રાંતિજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | પોશીના | ૧૧ | ૦ | ૭૦ | ૦ | ૭૦ |
| ૮ | તલોદ | ૧ | ૦ | ૯૦ | ૦ | ૯૦ |
| | કુલ | ૫૦ | ૦ | ૪૫૨ | ૦ | ૪૫૨ |

## (૯.૪) ઉદવહન સિંચાઈ યોજના તાલુકાવાર નીચે પ્રમાણે છે. ( ૭/૨૦૧૭)

| અનુ. | તાલુકો | સંખ્યા | ઉત્પાદીત સિંચાઈ શકિત(હેકટરમાં) |
|---|---|---|---|
| ૧ | ખેડબ્રહમા | ૪ | ૦ |
| ૨ | વિજયનગર | ૧ | ૦ |
| ૩ | વડાલી | ૦ | ૦ |
| ૪ | ઈડર | ૦ | ૦ |
| ૫ | હિંમતનગર | ૦ | ૦ |
| ૬ | પ્રાંતિજ | ૦ | ૦ |
| ૭ | તલોદ | ૦ | ૦ |
| ૮ | પોશીના | ૦ | ૦ |
| | કુલ :– | ૫ | ૦ |

**(૯.૫) ઉપરોકત વિગતે (૮/૨૦૧૭ ) દરમ્યાન જિલ્લા પંચાયત હસ્તક  વિવિધ સિંચાઈ યોજના હેઠળ કુંલ ૬૫૯૬ સિંચાઈ શકિત થાય છે. જે નીચેના પત્રક પરથી  જણાઈ આવશે.**

| | | સિંચાઈ શકિત વિસ્તાર હેકટરમાં | | | | |
|---|---|---|---|---|---|---|
| અનુ. | તાલુકાનુ નામ | સિંચાઈ | ચેકડેમ | અનુશ્રવણ તળાવ | ઉદવહન સિંચાઈ યોજના | કુલ |
| ૧ | ખેડબ્રહમા | ૧૨૨ | ૩૧૨ | ૫૨૮ | ૦ | ૯૬૨ |
| ૨ | વિજયનગર | ૫૫ | ૨૮૦ | ૨૪૮ | ૦ | ૫૮૩ |
| ૩ | વડાલી | ૪૦ | ૧૩૨ | ૪૬૪ | ૦ | ૬૩૬ |
| ૪ | ઈડર | ૪૫ | ૪૬૮ | ૮૦૦ | ૦ | ૧૩૧૩ |
| ૫ | હિંમતનગર | ૩૦ | ૧૯૬ | ૬૫૬ | ૦ | ૮૮૨ |
| ૬ | પ્રાંતિજ | ૦ | ૧૦૦ | ૩૭૬ | ૦ | ૪૭૬ |
| ૭ | તલોદ | ૯૦ | ૧૨૦ | ૩૧૨ | ૦ | ૫૨૨ |
| ૮ | પોશીના | ૭૦ | ૩૬૦ | ૭૯૨ | ૦ | ૧૨૨૨ |
| | કુલ :– | ૪૫૨ | ૧૯૬૮ | ૪૧૭૬ | ૦ | ૬૫૯૬ |

**(૯.૬)  ૨૦૧૬– ૨૦૧૭માં જિલ્લાનો કુલ સિંચીત વિસ્તાર ૬૫૯૬  હેકટર છે. જેમાંથી જિલ્લામાં સાધનવાર સિંચાઈની વિગત નીચે પ્રમાણે છે.**

| અનુ. | સિંચાઈનું સાધન | સિંચીત વિસ્તાર હેકટર |
|---|---|---|
| ૧ | નહેરો (સરકારી) | ૪૫૨ |
| ૨ | પાતાળકુંવા/કુવા | ૦ |
| ૩ | તળાવ | ૪૧૭૬ |
| ૪ | ચેકડેમ | ૧૯૬૮ |
| | કુલ :– | ૬૫૯૬ |

## (૧૦)પશુપાલન :–

### (૧૦.૧) સને. ૨૦૧૨ની પશુધન ગણતરી મુજબ જિલ્લામાં નીચે મુજબ પશુ અને ખેતીના સાધનો નોંધાયેલા છે.

| અનુ. | પશુધન | ૨૦૧૨ ની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગૌધન | ૯૫૭૧૭૫ |
| ૨ | ભેંસો | ૭૫૧૮૮૬ |
| ૩ | ઘેટા | ૬૮૩૮૨ |
| ૪ | બકરા | ૩૫૯૨૦૮ |
| ૫ | ઉંટ | ૧૭૩૫ |
| ૬ | કુલ પશુધન | ૨૧૩૮૩૮૬ |
| | કુલ મરઘા–બતકાં | ૪૬૫૨૪૩ |

### (૧૦.૨) ખેતીના સાધનો

| અનુ. | ખેતીના સાધનો | વર્ષ ૨૦૧૨ |
|---|---|---|
| ૧ | ઓઈલ એન્જીન | ૩૩૦૨૧ |
| ૨ | ઈલેક્ટ્રીક મોટર | ૪૫૨૧૩ |
| ૩ | ટ્રેક્ટર | ૨૧૯૬ |

### (૧૦.૩) પશુ સારવાર વર્ષ ૨૦૧૬– ૨૦૧૭

| | | |
|---|---|---|
| ૧ | કૃત્રિમ બીજદાન (ગાય ભેસો)– કેસો | ૧૯૧૬૬ |
| ૨ | પશુ સારવાર કેસો | ૧૬૩૨૬૮ |
| ૩ | ખસીકરણ કેસો | ૭૭૫૦ |
| ૪ | રસીકરણ કેસો | ૫૯૩૮૦૬ |

## (૧૧) જિલ્લામાં ૨૦૧૬– ૨૦૧૭ દરમ્યાન નીચે જણાવ્યા પ્રમાણેની સહકારી મંડળીઓ આવેલી છે.

| અનુ. | મંડળીઓનો પ્રકાર | તાલુકાનુંનામ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખેડબ્રહમાં | વિજયનગર | વડાલી | ઈડર | હિંમતનગર | પ્રાંતિજ | તલોદ | પોશીના |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૯ | ૧૦ | ૧૧ | - |
| ૧ | પ્રાથમીક ખેતી વિષયક ધિરાણ મંડળીઓ | ૩૩ | ૧૯ | ૪૪ | ૮૬ | ૬૭ | ૩૫ | ૩૦ | |
| ૨ | મધ્યસ્થ સહકારી બેંક | - | - | - | - | ૧ | - | - | |
| ૩ | અર્બન કો.ઓપ.બેક. નાગરીક બેંકો | ૧ | - | ૧ | ૧ | ૨ | ૨ | ૨ | |
| ૪ | અર્બનકો.ઓ.પ ક્રેડીટ મંડળીઓ | ૪ | ૩ | - | ૮ | ૧૧ | ૧ | ૨ | |
| ૫ | ચર્મ ઉધોગ | - | - | - | ૧ | - | - | - | |
| ૬ | કપાસીયા સંઘો | - | - | - | ૧ | ૧ | - | - | |
| ૭ | ફળ ફળાદી અને શાકભાજી મંડળીઓ | - | - | - | - | - | - | - | |
| ૮ | જિલ્લા સહકારી સંઘ | - | - | - | - | ૧ | - | - | |
| ૯ | ખરીદ વેચાણ સંઘો | ૧ | ૧ | ૧ | ૨ | ૨ | ૧ | - | |
| ૧૦ | તેલીબીયા | - | - | - | ૨ | - | ૧ | - | |
| ૧૧ | પ્રાથમીક દુધ મંડળીઓ | ૯૪ | ૭૮ | ૯૧ | ૧૭૪ | ૧૯૬ | ૯૬ | ૧૩૬ | ૪૩ |
| ૧૨ | મધ્યસ્થ દુધ સંધો | - | - | - | - | ૧ | - | - | |
| ૧૩ | મરઘા ઉછેર મંડળીઓ | - | - | - | - | - | - | - | |
| ૧૪ | સંયુકત ખેતી મંડળીઓ | ૧ | ૧ | - | ૨ | - | ૩ | - | |
| ૧૫ | ખેતી પિયત મંડળીઓ | ૧૫ | ૧ | ૩ | ૧૪ | ૩૧ | ૩ | - | |
| ૧૬ | મત્સય ઉધોગ મંડળીઓ | ૬ | ૧ | - | ૧ | ૩ | - | - | |
| ૧૭ | ગ્રાહક ભંડાર | ૨ | - | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | |
| ૧૮ | ઘર બાંધનારહાઉસીગ મંડળીઓ | ૯ | - | ૧ | ૧૬ | ૭૮ | ૯ | ૧૫ | |
| ૧૯ | જંગલ કામદાર મંડળીઓ | - | ૧ | - | - | - | - | - | |
| ૨૦ | વાહન વ્યહવાર મંડળીઓ | - | - | - | ૧ | - | ૧ | - | |
| ૨૧ | વૃક્ષ ઉછેર મંડળીઓ | ૪ | ૪ | - | ૩ | ૧ | - | - | |
| ૨૨ | આરોગ્ય મંડળીઓ | - | ૧ | - | - | - | - | - | |
| ૨૩ | કર્મચારી મંડળી ધીરાણ | ૧૭ | ૨૪ | ૫ | ૨૭ | ૭૨ | ૨૧ | ૧૩ | |
| ૨૪ | મજુર સહકારી મંડળીઓ | ૬ | ૪ | ૪ | ૧૧ | ૧૬ | ૬ | - | |
| ૨૫ | વેચાણ મંડળીઓ | - | - | - | - | - | - | - | |
| ૨૬ | બિન કૃષિ વિષયક મંડળીઓ | - | - | - | - | - | - | - | |
| કુલ :– | | **૧૯૩** | **૧૩૮** | **૧૫૨** | **૩૫૨** | **૪૮૬** | **૧૮૧** | **૨૦૦** | **૪૩** |

## (૧૧) મત્સ્ય ઉધીગ_ :–

સાબરકાંઠા જિલ્લામાં ૨૦૧૬– ૨૦૧૭ મુજબ વિગત નીચે પ્રમાણે છે.

| અનુ. | વિગત | એકમ | ૨૦૧૬–૧૭ની પશુધન ગણતરી મુજબ |
|---|---|---|---|
| ૧ | માછલી પકડવાની હોડીઓ | | |
| | (અ) યાંત્રીક | સંખ્યા | - |
| | (બ) બિન યાંત્રીક | સંખ્યા | ૩૬૫ |
| | (ક) કુલ | સંખ્યા | ૩૬૫ |
| ૨ | સક્રીય માછીમારો | સંખ્યા | ૨૧૫૧ |
| ૩ | માછલીનુ ઉત્પાદન (૨૦૧૬–૧૭) | સંખ્યા | ૧૫૧૯ |
| ૪ | માછીમારી પ્રાથમીક સહકારી મંડળીઓ | સંખ્યા | ૧૦ |
| ૫ | મંડળીઓના સભાસદો(૨૦૧૬–૧૭) | સંખ્યા | ૨૧૫૧ |
| ૬ | મંડળીની ભરપાઈ થયેલી શેરમંડી રૂપીયા (૨૦૧૬– ૧૭) | રૂપિયામાં | ૭૬૨૫૩ |
| ૭ | અન્ય ભંડોળ | રૂપિયામાં | - |

## (૧૨) ખનીજ ઉધોગ :–

## (૧) મુખ્ય ખનિજ

| **અનુ.** | **મુખ્ય ખનીજ સંપત્તિ** | **ઉત્પાદન (મે.ટન)** |
|---|---|---|
| | | ૨૦૧૬– ૨૦૧૭ |
| ૧ | ચાયનાકલે (રીફાઈન) | ૨૪૭૫૭.૯૯ |
| ૨ | પાઈપકલે | ૦ |
| ૩ | બૌકસાઈડ | ૦ |
| ૪ | સીલીકા સેન્ડ | ૨૦૮૮.૧૯ |
| ૫ | સોપ સ્ટોન | ૦ |
| ૬ | ચાઈના કલેકુડ | ૦ |
| ૭ | કેલ્સાઈટ | ૦ |
| ૮ | લાઈમસ્ટોન(મુખ્ય) | ૦ |
| ૯ | ફેલ્સપાર | ૦ |

## (૨) ગૌણ ખનિજ

| અનુ. | ગૌણ ખનીજ સંપત્તિ | ઉત્પાદન (મે. ટન) |
|---|---|---|
| ૧ | બલેક ટ્રેપ | ૪૧૦૫૩૯૯.૮૮ |
| ૨ | કવાર્ટ રાઈઝ | ૩૦૩૦૩.૮૪ |
| ૩ | સેન્ડ સ્ટોન | ૮૯૧૭૭.૩૪ |
| ૪ | રેતી | ૩૨૭૬૩૬૯.૩૬ |
| ૫ | ગ્રેવલ | ૧૨૬૪૯.૪૦ |
| ૬ | સાદી માટી | ૨૩૦૯૦.૪૧ |
| ૭ | ગ્રેબો | ૦ |
| ૮ | બિલ્ડીગ સ્ટોન | ૧૫૬૮૨.૫૬ |
| ૯ | બેન્ટો નાઈટ | ૧૨૨૫.૨૪ |
| ૧૦ | લાઈમ સ્ટોન | ૪૫૨૦૫૮.૬૪ |
| ૧૧ | ગ્રેનાઈટ | ૧૩૫૭૪૯.૦૭ |

# (૧૩) ઉધોગો

લઘુ ઉધોગો

## (૧૩.૧) તાલુકા મુજબ એકમોની વિગત ( ૨૦૧૬ અંતિત )

| અનુ. | તાલુકાઓનુ નામ | એકમો | પ્લાનટ અને મશીનરીમાં રોકાણ રૂા. લાખમાં | રોજગારી |
|---|---|---|---|---|
| ૧ | ખેડબ્રહમા | ૧૦ | ૧૬૫.૧૫ | ૩૭ |
| ૨ | વડાલી | ૧૧ | ૨૦૦.૨૫ | ૨૦ |
| ૩ | ઈડર | ૧૨ | ૩૭૧.૦૦ | ૧૦૯ |
| ૪ | હિંમતનગર | ૮૬ | ૬૯૦.૦૦ | ૪૬૬ |
| ૫ | પ્રાંતિજ | ૭ | ૪૪૨.૦૭ | ૧૩૧ |
| ૬ | તલોદ | ૬ | ૪૫૫.૦૦ | ૨૮૨ |
|  | કુલ | ૧૩૨ | ૨૩૨૩.૪૭ | ૧૦૪૫ |

## (૧૩.૨) ઉદ્યોગ જુથ પ્રમાણે એકમોની વિગત ( સને. ૨૦૧૬– ૨૦૧૭)

| અનુ. | ઉદ્યોગ જુથ | એકમોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખાદ્ય પદાર્થ | ૨૧ |
| ૨ | તમાકુ ઉદ્યોગ | ૦ |
| ૩ | કાપડ ઉદ્યોગ | ૧૭ |
| ૪ | લાકડા ઉદ્યોગ | ૦૩ |
| ૫ | કાગળઅનેતેની બનાવટ | ૦૭ |
| ૬ | ચર્મ ઉદ્યોગ | ૦૧ |
| ૭ | રબ્બર અને તેની બનાવટ | ૦૩ |
| ૮ | રસાયણ ઉદ્યોગ | ૨૫ |
| ૯ | કાચી, માટીકામ, સિમેન્ટ | ૦૫ |
| ૧૦ | બીન સોહા ધાતું | ૦૯ |
| ૧૧ | ધાતુકામ | ૨૫ |
| ૧૨ | યંત્રો વિજળી અને વાહન વ્યહવાર સિવાય | ૦૧ |
| ૧૩ | વિજળી સંબધીત સાધનો | ૦૧ |
| ૧૪ | વાહન વ્યહવાર સંબધિત સાધનો | ૦ |
| ૧૫ | અન્ય ઉધોગો(વર્ગીકૃત થયેલ ન હોય તેવા) | ૧૪ |
| | કુલ | ૧૩૨ |

## (૧૩.૩) મધ્યમ અને મોટા ઉદ્યોગો ચાલુ તથા સ્થાપનાર ઉદ્યોગોની સંખ્યા

| અનુ. | તાલુકાઓનું નામ | પ્રોજેકટની સંખ્યા | મુડી રોકાણ રૂા. લાખમાં | રોજગારી (સંખ્યા) |
|---|---|---|---|---|
| ૧ | ખેડબ્રહમા | ૧૦ | ૧૬૫.૧૫ | ૩૭ |
| ૨ | વિજયનગર | - | - | - |
| ૩ | વડાલી | ૧૧ | ૨૦૦.૨૫ | ૨૦ |
| ૪ | ઈડર | ૧૨ | ૩૭૧.૦૦ | ૧૦૯ |
| ૫ | હિંમતનગર | ૮૬ | ૬૯૦.૦૦ | ૪૬૬ |
| ૬ | પ્રાંતિજ | ૭ | ૪૪૨૦.૦૭ | ૧૩૧ |
| ૭ | તલોદ | ૬ | ૪૫૫.૦૦ | ૨૮૨ |
| | કુલ | ૧૩૨ | ૬૩૦૧.૪૭ | ૧૦૪૫ |

(૧૩.૪) સરકારી ધોરણે સાબરકાંઠા જિલ્લામાં કોઈ મોટા ઉદ્યોગો સ્થપાયેલ નથી.

### (૧૩.૫) અન્ય ઉદ્યોગોની વિગત

| અનુ. | તાલુકો | ઔધોગીક વસાહત | વિસ્તારહેકટરમાં (હેકટર–આરએ–ચોકીમી) | ઉપલ્બધ શેડની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ખેડબ્રહમા | – | ૦ | ૦ |
| ૨ | વિજયનગર | – | ૦ | ૦ |
| ૩ | વડાલી | – | ૦ | ૦ |
| ૪ | ઈડર | ઈડર | ૨–૭૨–૧૭ | ૨૭ |
| ૫ | હિંમતનગર | હિંમતનગર | ૨૭–૮૮ | ૩૬ |
| ૬ | પ્રાંતિજ | – | ૦ | ૦ |
| ૭ | તલોદ | તલોદ | ૨૫–૯૫–૭૫ | ૧૮૫ |

## (૧૪) ઉર્જા :–

જિલ્લામાં માર્ચ ૨૦૧૭ – અંતિત તમામ ગામોમાં વિજળી કરણ થયેલ છે.

## (૧૫) રસ્તાઓ :–

સને. ૨૦૧૬– ૨૦૧૭ માં સરકારના જાહેર બાધકામ ખાતા મારફત પાકા રસ્તાની કુલ લંબાઈ ૨૧૦૩ કી.મી છે. જિલ્લામાં પંચાયતહેઠળના માર્ગની લંબાઈ ૨૭૮૦ કી.મી છે.જિલ્લાના કુલ માર્ગો ૮૦૨૦ કી.મી છે.

### (૧૬) બેન્કીંગ :–

સાબરકાંઠા જિલ્લામાં કુલ ૧૪૯ રાષ્ટ્રિયકૃત બેંકની શાખાઓ આવેલી છે. જેની બેંકવાર શાખાવાર વિગત નીચે મુજબ છે.

| અનુ. | બેંકનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૧ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા | હિંમતનગર,મોતીપુરા,દેધરોટા,છાપરીયા,ઈડર,કડીયાદરા,બડોલી,વસાઈ,વિજયનગર,વડાલી,હાથરવા,ચોરીવાડ,ખેડબ્રહમા,ઉંચીધનાલ,પ્રાંતિજ,તલોદ,પુંસરી, |
| ૨ | બેંક ઓફ ઈન્ડીયા | હિંમતનગર,સલાલ,ઈડર,સલાલ, પ્રાંતિજ,તલોદ,ખેડબ્રહમા |
| ૩ | યુનિયન બેંક ઓફ ઈન્ડીયા | હિંમતનગર,જામળા,પ્રેમપુર,દાવડ,ઈડર,ચતફ સર્કલ (હિંમતનગર) |
| ૪ | દેનાબેંક | હિંમતનગર,નીકોડા,ચાંદરણી,બામણા,મોતીપુરા,ઈડર,જાદર,ખેડબ્રહમા,કુકડીયા, વેરાબર,નવારેવાસ,ભદ્રેસર,ગાંઠીયોલ,મુડેટી,ઉમેદપુરા,ચિત્રોડા,ખેડબહમા,લક્ષ્મીપુરા ,પોશીના,લાંબડીયા,દંત્રાલ,દેમટી,કોટડા,પ્રાંતિજ,મોયદ,ધડકણ,સોનાસણ,ધડી, વિજયનગર,પાલ,ચિઠોડા,આંતરસુબા,તલોદ,રણાસણ,હરસોલ,અણીયોડ. |
| ૫ | બેંક ઓફ બરોડા | હિંમતનગર,સહકારી જીન,મહેતાપુરા,ઈલોલ,સવગઢ જવાનપુરા,દેશોતર, અરોડા,નવા માઢવા,ખેડબ્રહમા,પ્રાંતિજ,તલોદ,વડાલી |

| | | |
|---|---|---|
| ૬ | પંજાબ નેશનલ બેંક | હિંમતનગર,વીરપુર,ઈડર |
| ૭ | ઈન્ડીયન બેંક | હિંમતનગર |

આમ, સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગરમાં કુલ–૬૧,ઈડરમાં કુલ–૩૮,ખેડબ્રહમામાં કુલ–૯,પોશીનામાં કુલ–૫ ,પ્રાંતિજમાં કુલ–૧૭,વિજયનગરમાં કુલ–૮,તલોદમાં કુલ–૧૪ તથા વડાલીમાં કુલ–૫ બેંકો આવેલી છે.

## (૧૭) શિક્ષણ :–

તાલુકાવાર શાળા અને બાળકોની વિગત ( ૨૦૧૬– ૨૦૧૭)

| અનુ. | તાલુકો/વિસ્તાર | પ્રાથમિક શાળાની સંખ્યા | પ્રાથમિક શાળામાં વિધાથીઓની સંખ્યા | માઘ્યમિક શાળા/ઉચ્ચતર માઘ્યમિક શાળાની સંખ્યા | વિધાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ખેડબ્રહમા | ૧૬૧ | ૨૬૪૮૨ | ૨૪ | ૬૫૬૮ |
| ૨ | વિજયનગર | ૧૨૭ | ૧૪૫૪૩ | ૩૫ | ૫૮૧૩ |
| ૩ | વડાલી | ૧૦૮ | ૧૦૪૨૬ | ૧૭ | ૩૧૭૩ |
| ૪ | ઈડર | ૨૦૭ | ૨૫૦૨૭ | ૭૫ | ૧૨૫૩૧ |
| ૫ | હિંમતનગર | ૨૩૬ | ૩૨૦૧૩ | ૯૧ | ૧૯૫૪૧ |
| ૬ | પ્રાંતિજ | ૧૧૩ | ૧૭૪૭૬ | ૩૬ | ૬૬૨૮ |
| ૭ | તલોદ | ૧૫૮ | ૧૮૪૩૪ | ૩૨ | ૬૬૯૯ |
| ૮ | પોશીના | ૧૧૦ | ૨૪૯૮૧ | ૧૫ | ૧૯૬૩ |
| | કુલ | ૧૨૨૦ | ૧૬૯૩૮૨ | ૩૨૫ | ૬૨૯૧૬ |

## (૧૮) રોજગારી અને માનવ શકિત :–

સાબરકાંઠા જિલ્લામાં સને. ૨૦૧૬ માં કુલ ૧૩૦૭૬ ઉમેદવારો એ રોજગારમાટે નામ નોંધાવ્યા હતા. તે પૈકી ૨૮૪૫ ઉમેદવારોને રોજગારી આપેલ હતી. રોજગાર વિનીમય ની કચેરીનો ઉપયોગ કરી કામે રાખનાર ઉપભોકતાની સંખ્યા ૨૨ ની છે. વર્ગીકૃત કરેલ જાહેર કરાયેલ ખાલી  સંખ્યા શૂન્ય છે.

## (૧૯) વિકેન્દ્રીત જિલ્લા આયોજન

આયોજનના વિવિધ સદરો નીચે પ્રમાણે પ્રગતિની વિગત

| અનુ. | વિકાસનું સદર | મળેલ અનુ દાન (રૂા.લાખમા) | થયેલ ખર્ચ (રૂા.લાખમાં) |
|---|---|---|---|
| | વર્ષ ૨૦૧૬– ૨૦૧૭ | | |
| ૧ | ૧૫% વિવેકાધીન જોગવાઈ (જનરલ) | ૧૩૪૧.૧૬ | ૬૫૯.૬૯ |
| ૨ | ૫% પોત્સાહક જોગવાઈ | ૫૬.00 | ૪૧.૫૯ |
| ૩ | માન.ધારાસંભ્યશ્રી અનુંદાન | ૪00.00 | ૧૪૬.૩૧ |
| ૪ | ખાસ અંગભૂત | ૧૪૭.00 | ૫૩.૪૮ |
| ૫ | ટીએએસપી | ૧૨૫.૧૧ | ૫૩.0૬ |

## (૨૦) જિલ્લા સાક્ષરતા :–

સને ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ જિલ્લામાં સાક્ષરતાની ટકાવારીમાં પુરૂષોની ટકાવારી ૭૪ છે. જયારે સ્ત્રીઓની ટકાવારી ૫૨ .૫૬ છે. ૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે સાક્ષરતાનું પ્રમાણ નીચેમુજબ છે.

| અનુ | તાલુકાનું નામ | કુલ વસ્તી | પુરુષો | સ્ત્રીઓ |
|---|---|---|---|---|
| ૧ | ખેડબ્રહમા | ૭૫.૮૭ | ૫૩.0૯ | ૬૪.૫૭ |
| ૨ | પોશીના | ૪૪.૨૨ | ૫૨.૬૩ | ૩૫.૩૮૩ |
| ૩ | વિજયનગર | ૮૯.૬૫ | ૬૩.૨૨ | ૭૬.૩૨ |
| ૪ | વડાલી | ૮૬.૨૩ | ૬૨.૮૯ | ૭૪.૭૭ |
| ૫ | ઈડર | ૮૯.૭૨ | ૭0.૨૪ | ૮0.૧૯ |
| ૬ | હિંમતનગર | ૯૧.૭૭ | ૭૫.30 | ૮૩.૭૯ |
| ૭ | પ્રાંતિજ | ૯૧.૬૭ | ૭0.૩૫ | ૮૧.૩૬ |
| ૮ | તલોદ | ૮૯.૭૬ | ૬૫.૭૯ | ૭૮.૧૧ |

## (૨૧) વર્તમાન પત્રો :–

જિલ્લામાં પ્રસિધ્ધ થતા વર્તમાન પત્રો તથા સામાયીકોની માહિતી ( ૨૦૧૬– ૨૦૧૭)

| અનુ. | પ્રકાશન | અંગ્રેજી | ગુજરાતી | હિન્દી | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧ | દૈનિક | - | ૧ | - | - | ૧ |
| ૨ | અઠવાડીક | - | ૧૭ | - | - | ૧૭ |
| ૩ | પખવાડીક | - | ૧ | - | - | ૧ |
| ૪ | માસિક | - | ૦ | - | - | ૦ |
| ૫ | અન્ય | - | ૦ | - | - | ૦ |
| | કુલ | - | ૧૯ | - | - | ૧૯ |